ક્રમાંકઃગુજકા/વેટ/બજેટ ૧૧–૧૨/૧૧–૧૨/જા.૧૧૫/૯૯

તારીખઃ ૧/૪/૨૦૧૧

# જાહેર પરિપત્ર

વિષય : ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ કેટલીક ચીજોના વેરાના દરમાં કરવામાં આવેલ ફેરફાર બાબત.

સંદર્ભ : (૧) વર્ષ ૨૦૧૧ના એકટ નં. ૪
(૨) નાણાંવિભાગના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન–૦૫)વેટ–૨૦૧૧–SCH-II(45)(૧૯)–ઠ તા.૧/૪/૨૦૧૧

વર્ષ ૨૦૧૧ ના એકટ નં. ૪ દ્વારા ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩માં કરવામાં આવેલ સુધારા મુજબ કેટલીક ચીજોના વેરાના દરમાં ફેરફાર થાય છે. જેની વિગતો નીચે મુજબ છે.

(૧) અનુસૂચિ–૨ ની નોંધ–૭૬એ હેઠળની તમામ પ્રકારની તમાકુ અને તમાકુ ધરાવતી બીડી, સિગારેટ, ગુટખા, પાન મસાલા, છીંકણી જેવી તમાકુની બનાવટો પરનો અનુસૂચિ મુજબનો વેરાનો દર ૨૨.૫% કરવામાં આવેલ છે. આમ આ ચીજોના વેચાણ અને ખરીદી પર કલમ–૭(૧એ) તેમજ કલમ–૯(૬) મુજબના ૨.૫% લેખે વધારાના વેરા સહિત કુલ ૨૫% વેરાનો દર તા.૧/૪/૨૦૧૧થી અમલમાં આવે છે.

(૨) કેન્દ્રીય વેચાણવેરા કાયદાની કલમ–૧૫(એ)માં સુધારો સૂચવતું વિધેયક સંસદમાં રજુ થયેલ છે. જે મુજબ કેન્દ્રીય વેચાણવેરા કાયદાની કલમ–૧૪ હેઠળ દર્શાવેલ ડીકલેર્ડ ગુડઝ પરના વેરાના દરની મર્યાદા ૪% થી વધારી ૫% કરવા દરખાસ્ત છે. આ સુધારાને આનુષંગિક સુધારો ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ની કલમ–૭ ની પેટા–કલમ (૧એ) અને કલમ–૯ની પેટા કલમ–(૬)માં કરવામાં આવેલ છે. જે મુજબ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ ૪%ના દરે વેરાપાત્ર ડીકલેર્ડ ગુડઝ પર ૧%ના દરે એડીશનલ ટેક્ષ લેવાપાત્ર થાય છે. પરંતુ કેન્દ્રીય વેચાણવેરા કાયદાની કલમ–૧૫(એ)માં સુધારા અંગેના નાણાં બીલને કાયદાકીય સ્વરૂપ મળ્યેથી આ સુધારો અમલમાં આવશે. આ સમયગાળા સુધી કલમ–૫(૨)હેઠળના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન–૩૫) –વેટ –૨૦૦૬ – એસ.૫(૨)(એ)ઠ તા. ૩૧/૩/૨૦૦૬ની નોંધ–૫૫ મુજબ ડીકલેર્ડ ગુડઝ પર ૪% થી વધુ વેરાની રકમ માફ રહેશે.

(૩) નાણાં વિભાગના જાહેરનામા ક્રમાંક : (જીએચએન–૦૫) વેટ–૨૦૧૧–SCH-II(45)(૧૯)–ઠ તા.૧/૪/૨૦૧૧ અન્વયે કરવામાં આવેલ સુધારા મુજબ અનુસૂચિ–૨ ની નોંધ ૪૫ IT products as may be specified by the State Government by Notification in the Official Gazette હેઠળના જાહેરનામા ક્રમાંક : (જીએચએન–૨૧)વેટ–૨૦૦૯–SCH-II(45)(1)–ઠ તા. ૧/૮/૨૦૦૯ હેઠળની IT products ની યાદીના ક્રમાંકઃ ૨૦ ની નોંધમાંથી ‘ car telephone, transportable telephone અને cellular telephone’ શબ્દો કમી કરવામાં આવેલ છે.

આથી ‘car telephone, transportable telephone અને cellular telephone’ નો સમાવેશ અનુસૂચિ–૨ ની નોંધ–૮૭માં થાય અને આ ચીજોના વેચાણ અને ખરીદી પર ૧૨.૫% લેખે તેમજ કલમ–૭(૧એ) તેમજ કલમ–૯(૬) મુજબના ૨.૫% લેખે વધારાના વેરા સહીત કુલ ૧૫% વેરાનો દર તા.૧/૪/૨૦૧૧થી અમલમાં આવે છે.

આ પરિપત્રની સંબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/–
(ગુરૂપ્રસાદ મહાપાત્ર)
વાણિજ્યિક વેરા કમિશ્નર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ